*This Question Paper contains 16 printed pages.*
*(Part - A & Part - B)*

Sl.No. 0100385

# 10(G)

**(MARCH, 2019)**
**(Old Course)**

| |
|---|
| પ્રશ્ન પેપરનો સેટ નંબર જેની સામેનું વર્તુળ OMR શીટમાં ઘટ્ટ કરવાનું રહે છે. |
| Set No. of Question Paper, circle against which is to be darken in OMR sheet. |
| **01** |

**Part - A : Time : 1 Hour / Marks : 50**

**Part - B : Time : 2 Hours / Marks : 50**

## (Part - A)

*Time : 1 Hour]* *[Maximum Marks : 50*

**સૂચનાઓ :**

1) **આ પ્રશ્નપત્રના ભાગ-A માં હેતુલક્ષી પ્રકારના 50 પ્રશ્નો છે. બધા જ પ્રશ્નો ફરજીયાત છે.**
2) **પ્રશ્નોની ક્રમ સંખ્યા 1 થી 50 છે અને દરેક પ્રશ્નનો ગુણ 1 છે.**
3) **કાળજીપૂર્વક દરેક પ્રશ્નનો અભ્યાસ કરી સાચો વિકલ્પ પસંદ કરીને OMR શીટમાં જવાબ લખવો.**
4) **પ્રશ્નના જવાબ માટે OMR શીટ આપવામાં આવેલ છે. તેમાં જે તે પ્રશ્ન નંબર સામે (A) O, (B) O, (C) O, (D) O આપેલા છે. તે પ્રશ્નનો જે જવાબ સાચો હોય તેના વિકલ્પ પરના વર્તુળને બોલપેનથી પૂર્ણ ઘટ્ટ ● કરવાનું રહેશે.**
5) **પ્રશ્નપત્રકના ઉપરની જમણી બાજુમાં આપેલા પ્રશ્નપત્રક સેટ નં. ને OMR પત્રકમાં આપેલી જગ્યામાં લખવાનું રહેશે.**

---

1) ભારતની સંસ્કૃતિના વિશિષ્ટ લક્ષણોમાં કયું એક લક્ષણ નથી ?

(A) પ્રાચીનતા અને સાતત્ય (B) વિવિધતામાં એકતા

(C) અસહિષ્ણુતા (D) આધ્યાત્મિકતા અને ભૌતિકવાદ

2) નીચે જણાવેલ વિકલ્પોનો અભ્યાસ કરી કયો વિકલ્પ આપણો સમૃદ્ધ વારસો(પ્રાકૃતિક તેમજ સાંસ્કૃતિક) સાથે સુસંગત જણાતો નથી તે દર્શાવો.

(A) પીપળો, વડ, તુલસી

(B) ભાખરાનંગલ, કોકણ રેલ્વે, નરોરા વિદ્યુત મથક

(C) ઈલોરા, મહાબલિપુરમ્, એલિફન્ટાની ગુફાઓ

(D) પટોળા, બાંધણી, કાંજીવરમની સાડી

3) નીચેનામાંથી કઈ કૃતિ ભાસની છે ?

(A) 'સ્વપ્નવાસવદત્તમ્'

(B) 'માલતી માધવ'

(C) 'ઉત્તર રામચરિત'

(D) 'માલવિકાગ્નિમિત્રમ્'

4) ગુજરાતના ખંભાત શહેરમાં કઈ કલા પ્રખ્યાત હતી ?

(A) જડતર કામ કલા

(B) અકિક કામ કલા

(C) જરી કામ કલા

(D) મોતી કામ કલા

5) મૌર્યકાળના સ્થાપત્યની સૌથી મોટી ઉપલબ્ધિ કઈ છે ?

(A) સાંચીનો સ્તૂપ

(B) મહાબલિપુરમ્

(C) સોમનાથ

(D) પેગોડા

6) કોણાર્કનું મંદિર કયા રાજ્યમાં આવેલું છે ?

(A) ઓરિસ્સા

(B) તમિલનાડુ

(C) ગુજરાત

(D) મધ્યપ્રદેશ

7) 'ત્રિમૂર્તિ' નામની ભવ્ય મૂર્તિ કઈ ગુફામાં આવેલી છે ?

(A) અજંતા

(B) ઈલોરા

(C) એલિફન્ટા

(D) મહાબલિપુરમ્

8) મહાવીરે અને બુદ્ધે કઈ ભાષામાં લોકોને ઉપદેશ આપ્યો હતો ?

(A) પ્રાકૃત

(B) પાલી

(C) સંસ્કૃત

(D) હિન્દી

9) પ્રાચીન ભારતનો સર્વપ્રથમ ઐતિહાસિક ગ્રંથ .....

(A) 'રાજતરંગિણી' છે.

(B) 'પૃથ્વીરાજરાસો' છે.

(C) 'વિક્રમાદેવચરિત' છે.

(D) 'હર્ષચરિત' છે.

10) નીચે જણાવેલ લેખકોને તેમના ગ્રંથો સાથે જોડી યોગ્ય વિકલ્પ પસંદ કરો.

| | |
|---|---|
| (1) મહર્ષિ ચરક | (a) બ્રહ્મ સિદ્ધાંત |
| (2) ભાસ્કરાચાર્ય | (b) ચરક સંહિતા |
| (3) વરાહમિહિર | (c) લીલાવતી |
| (4) બ્રહ્મગુપ્ત | (d) બૃહદ સંહિતા |

(A) (1 - b) (2 - c) (3 - d) (4 - a)

(B) (1 - c) (2 - d) (3 - a) (4 - b)

(C) (1 - b) (2 - a) (3 - c) (4 - d)

(D) (1 - d) (2 - b) (3 - c) (4 - a)

11) અજંતાની ગુફાઓ નીચેનામાંથી કયા રાજ્યમાં આવેલી છે ?

(A) મધ્યપ્રદેશ

(B) મહારાષ્ટ્ર

(C) ઓડિશા

(D) ગુજરાત

12) કોણાર્કના સૂર્યમંદિર માટે એક વિધાન સંલગ્ન છે.

(A) તે સાત રથની કૃતિઓ ધરાવે છે.

(B) તે મંદિરમાં જડેલા કાળા પથ્થરોને કારણે તેને કાળા પેગોડા તરીકે પણ ઓળખવામાં આવે છે.

(C) તે રથમંદિર તેર માળનું ગોપુરમ્ ધરાવે છે.

(D) તે મંદિરમાં આવેલી વિષ્ણુની મૂર્તિ હાસ્ય મુદ્રામાં છે.

13) ફતેહપુર સિકરી નામનું શહેર વસાવનાર બાદશાહ કોણ હતા ?

(A) બાબર (B) અકબર

(C) શાહજહાં (D) હુમાયુ

14) તરણેતરનો મેળો કયા રાજ્યનો પ્રખ્યાત છે.

(A) ગુજરાત

(B) કેરલ

(C) મહારાષ્ટ્ર

(D) રાજસ્થાન

15) ઉત્તરપ્રદેશના આગ્રા ખાતે 1565 માં યમુના નદી કિનારે આગ્રાનો કિલ્લો બંધાયો હતો, જ્યાં શાહજહાંએ જિંદગીના આખરી દિવસો આ કિલ્લામાં વિતાવ્યા હતા. આ કિલ્લો બંધાવનાર મુઘલ બાદશાહ કોણ હતો ?

(A) બાબર

(B) શાહજહાં

(C) અકબર

(D) હુમાયુ

16) નીચેનામાંથી કયું વિધાન ખરું(સાચું) છે ?

(A) કોલકાતામાં સાલારજંગ સંગ્રહાલય છે.

(B) આપણો વારસો આપણી રાષ્ટ્રીય ઓળખ છે.

(C) મોઢેરા સૂર્યમંદિર ઓરિસ્સામાં આવેલું છે.

(D) નવઘણ કૂવો પાટણમાં આવેલો છે.

17) પર્યાવરણ અને વન્યજીવોનું સંરક્ષણ કરવા માટે સ્થપાયેલી કઈ સંસ્થા સૌથી જૂની છે ?
(A) 'સ્ટેટ વાઈલ્ડ લાઈફ'
(B) 'વન્યજીવ સલાહકાર બોર્ડ'
(C) 'મુંબઈ પ્રાકૃતિક ઈતિહાસ સમિતિ'
(D) વન્યજીવ સંરક્ષણ બોર્ડ

18) ''મુંબઈ પ્રાકૃતિક ઈતિહાસ સમિતિ'' ની સ્થાપના ક્યારે કરવામાં આવી ?
(A) ઈ.સ. 1883 માં
(B) ઈ.સ. 1892 માં
(C) ઈ.સ. 1983 માં
(D) ઈ.સ. 1915 માં

19) ભૂદાન યજ્ઞના પ્રણેતા કોણ હતા ?
(A) મહાત્મા ગાંધી
(B) રવિશંકર મહારાજ
(C) આચાર્ય વિનોબા ભાવે
(D) સરદાર વલ્લભભાઈ પટેલ

20) કુદરતી સંસાધનોમાં અજૈવિક : ભૂમિ; જૈવિક : ..........
(A) જળ
(B) જમીનો
(C) જંગલો
(D) લોહ અયસ્ક

21) ''જમીન'' માટેના નીચેના વિધાનોમાંથી એક વિધાન બંધબેસતું નથી. તે શોધીને ઉત્તર લખો.
(A) પૃથ્વીના પોપડાના ઉપરના પાતળા સ્તરને જમીન કહેવાય છે.
(B) તેમાં જૈવિક અને અજૈવિક તત્ત્વોનો સમાવેશ થાય છે.
(C) તે ''જમીન'' નું મૂલ્ય જ તેની ફળદ્રુપતા કે ઉત્પાદકતાથી આંકવામાં આવે છે.
(D) તે પૃથ્વીનો 70% ભાગ આવરે છે.

22) વન્યપ્રાણી અભ્યારણ બાબતે કઈ હકીકત સાચી છે ?
(A) અભ્યારણોમાં માનવીના હરવા ફરવા પર પ્રતિબંધ હોય છે.
(B) અભ્યારણોમાં કોઈપણ વ્યક્તિ પશુઓને ચરણ કરાવી શકતી નથી.
(C) અભ્યારણોમાં લોકો નિયંત્રિત માત્રામાં રહી શકે છે.
(D) ગુજરાતમાં એકપણ અભ્યારણ નથી.

23) વનસ્પતિ અને વન્યજીવનને લગતા ઉજવણીના દિવસોને જાન્યુઆરીથી ડિસેમ્બર કેલેન્ડર વર્ષ મુજબ નીચે પ્રમાણે ફાળવણી કરેલ છે. જેમાંથી સાચો વિકલ્પ શોધો.
(1) વિશ્વ પર્યાવરણ દિન
(2) વિશ્વ વન દિન
(3) જૈવ વિવિધતા દિવસ
(4) વન્ય પ્રાણી દિવસ
(A) 3, 2, 1, 4
(B) 2, 1, 4, 3
(C) 2, 3, 4, 1
(D) 1, 2, 3, 4

24) જંગલ વિનાશ માટે જવાબદાર પરીબળ નથી ?
(A) વિશાળ રસ્તાઓ
(B) નદીઓ ઉપર બંધો
(C) ઉત્પાદન ઉદ્યોગો
(D) જમીન ધોવાણ

25) ગુજરાતનો કયો પ્રદેશ કપાસ ઉત્પાદન માટે જાણીતો છે ?
(A) ચરોતર
(B) કાનમ
(C) કુર્ગ
(D) દાર્જિલિંગ

26) ગુજરાતનું સૌથી મોટું જળવિદ્યુત મથક કઈ નદી પર આવેલું છે ?
(A) તાપી
(B) સાબરમતી
(C) નર્મદા
(D) મહી

27) ઢાળનું લોખંડ (Pig Iron)માં કાર્બનનું તત્ત્વ દૂર કરવામાં આવતા .......... મળે છે.

(A) ઘડતરનું લોખંડ
(B) મેગ્નેશિયમ
(C) મેંગેનીઝ
(D) બૉક્સાઈટ

28) ઔદ્યોગિક ક્રાંતિ પછી કયા ધાતુની માંગ અનેક ગણી વધી ગઈ છે ?

(A) મેંગેનીઝ
(B) તાંબું
(C) બૉક્સાઈટ
(D) લોખંડ

29) માનવ સંસ્કૃતિના કેટલાક મહત્ત્વના તબક્કાઓ ખનીજોથી ઓળખાય છે. નીચેના ખનીજોના તબક્કાઓને ક્રમમાં ગોઠવી સાચો વિકલ્પ શોધો.

(1) લોહ યુગ
(2) તામ્ર યુગ
(3) પાષાણ યુગ
(4) અણુ યુગ

(A) 2, 3, 1, 4
(B) 1, 3, 2, 4
(C) 3, 2, 1, 4
(D) 3, 2, 4, 1

30) પરમાણુ વિદ્યુત મથકો અને સ્થળો (રાજ્યો) ને જોડી યોગ્ય વિકલ્પ પસંદ કરો.

| | |
|---|---|
| (1) મહારાષ્ટ્ર | (a) કાકરાપાર |
| (2) રાજસ્થાન | (b) નહોરા |
| (3) ઉત્તરપ્રદેશ | (c) રાવતભાટા |
| (4) ગુજરાત | (d) તારાપુર |

(A) (1 - a) (2 - b) (3 - c) (4 - d)
(B) (1 - d) (2 - c) (3 - b) (4 - a)
(C) (1 - b) (2 - c) (3 - d) (4 - a)
(D) (1 - c) (2 - d) (3 - a) (4 - b)

31) કયા પ્રકારની વિદ્યુતનું ઉત્પાદન પ્રદૂષણ રહિત છે ?

(A) તાપ વિદ્યુત

(B) જલ વિદ્યુત

(C) પરમાણુ વિદ્યુત

(D) ખનીજ વિદ્યુત

32) ભારતમાં પ્રથમ વિન્ડફાર્મ તુતીકોરીન તમિલનાડુ રાજ્ય, તો ભારતનું સૌથી મોટું વિન્ડફાર્મ ગુચ્છ કયા રાજ્યમાં છે ?

(A) આંધ્રપ્રદેશ

(B) તમિલનાડુ

(C) કર્ણાટક

(D) ઓરિસ્સા

33) નીચે કેટલાક મહત્ત્વના ખનીજોના વિકલ્પો આપેલા છે. તેમાંથી કયા વિકલ્પમાં ત્રણેય ખનિજો સંચાલન શક્તિ માટે વપરાય છે ?

(A) કોલસો, ખનિજતેલ, યુરેનિયમ

(B) થોરિયમ, પ્લેટિનમ, સોનું

(C) મેંગેનીઝ, લોખંડ, બૉક્સાઈટ

(D) એસ્બેસ્ટોસ, અબરખ, નિકલ

34) નીચેના નગરોમાંથી કયા નગરને સુતરાઉ કાપડનું વિશ્વ મહાનગર કહે છે ?

(A) ઈંદોર

(B) મુંબઈ

(C) અમદાવાદ

(D) નાગપુર

35) ભારતનું કયું નગર 'સિલિકોન વેલી' તરીકે જાણીતું બન્યું છે ?

(A) દિલ્લી (B) બેંગાલૂરુ

(C) જયપુર (D) નાગપુર

36) ભારતમાં સૌથી લાંબો રાષ્ટ્રીય ધોરીમાર્ગ કયો છે ?

(A) 3 નંબર (B) 8 નંબર

(C) 7 નંબર (D) 15 નંબર

37) ઉત્પાદનનું માનવસર્જિત સાધન કયું ગણી શકાય ?

(A) શ્રમ (B) મૂડી

(C) ભૂમિ (D) નિયોજક

38) સરકારી અંકુશો અને નિયમો ક્રમશ ઘટાડતા જઈને બજારતંત્ર દ્વારા આર્થિક નિર્ણયો લેવામાં આવે તેવી વ્યવસ્થા એટલે ...........

(A) આર્થિક ઉદારીકરણ

(B) વૈશ્વિકીકરણ

(C) ખાનગીકરણ

(D) ઉદ્યોગીકરણ

39) સમાજવાદી પદ્ધતિને બીજા કયા નામથી ઓળખવામાં આવે છે ?

(A) આદેશો અને પ્રોત્સાહનની પદ્ધતિ

(B) મૂડીવાદી પદ્ધતિ

(C) મુક્ત અર્થતંત્રની પદ્ધતિ

(D) નિયંત્રિત અર્થતંત્રની પદ્ધતિ

40) આર્થિક રીતે ભારત કેવો દેશ છે ?

(A) વિકસિત

(B) પછાત

(C) વિકાસશીલ

(D) ગરીબ

41) વિશ્વ વ્યાપાર સંગઠનનું વડું મથક ક્યાં આવેલું છે ?

(A) સ્ટોકહોમ

(B) જીનીવા

(C) લંડન

(D) કોલકત્તા

42) દેશના અર્થતંત્રને વિશ્વના અર્થતંત્ર સાથે જોડવાની પ્રક્રિયા એટલે .....

(A) ખાનગીકરણ

(B) વૈશ્વિકીકરણ

(C) ઉદારીકરણ

(D) એકપણ નહીં

43) ભવિષ્યમાં ભાવવધારો થવાનો છે એવી આગાહીથી લોકો શું કરે છે ?

(A) કાળા બજાર

(B) નફાખોરી

(C) સટ્ટાખોરી

(D) સંગ્રહખોરી

44) 15 મી માર્ચનો દિવસ ભારતમાં કયા દિવસ તરીકે ઊજવાય છે ?

(A) ગ્રાહક અધિકાર દિન

(B) વિશ્વ ગ્રાહક દિન

(C) ગ્રાહક જાગૃતિ દિન

(D) રાષ્ટ્રીય ગ્રાહક અધિકાર દિન

45) ગુજરાતમાં કન્યા કેળવણીમાં ઉત્તેજન માટે .......... યોજના અમલમાં મૂકી છે.

(A) મહિલા બોન્ડ

(B) સરસ્વતી બોન્ડ

(C) વિદ્યાલક્ષ્મી બોન્ડ

(D) નર્મદા બોન્ડ

46) 2005ના વર્ષને ............ કહેવાય છે.

(A) રાષ્ટ્રીય મહિલા વર્ષ

(B) રાષ્ટ્રીય સાક્ષરતા વર્ષ

(C) રાષ્ટ્રીય પર્યાવરણ વર્ષ

(D) રાષ્ટ્રીય જાગરણ વર્ષ

47) ભારતની સામાજિક સંરચના શેની પર આધારિત છે ?

(A) જ્ઞાતિવાદ

(B) સાંપ્રદાયિકતા

(C) ધર્મ

(D) જાતિવાદ

48) અનુસૂચિ 341 અને 342 માં જાતિની યાદી કોણ નક્કી કરે છે ?

(A) રાજ્યપાલ

(B) રાષ્ટ્રપતિ

(C) વડાપ્રધાન

(D) મંત્રીમંડળ

49) કોઈપણ ભાષાને સમજવાની સાથે વાંચી અને લખી શકે તે વ્યક્તિને શું કહેવામાં આવે છે ?

(A) નિરક્ષર

(B) બૌદ્ધિક

(C) સાક્ષર

(D) અજ્ઞાન

50) કેટલા વર્ષની ઉંમરનાં બાળકોને બાળમજૂર કહેવાય ?

(A) 18 વર્ષ

(B) 21 વર્ષ

(C) 17 વર્ષ

(D) 14 વર્ષ

# 10(G)

(MARCH, 2019)
(Old Course)

(Part - B)

*Time : 2 Hours]* *[Maximum Marks : 50*

સૂચનાઓ :

1) સ્પષ્ટ વંચાય તેવું હસ્તલેખન જાળવવું.
2) આ પ્રશ્નપત્રના ભાગ-B માં ચાર વિભાગ છે અને પ્રશ્નનો ક્રમ 1 થી 18 છે.
3) બધા જ પ્રશ્નો ફરજિયાત છે. આંતરિક વિકલ્પો આપેલા છે.
4) પ્રશ્નની જમણી બાજુના અંક તેના ગુણ દર્શાવે છે.
5) નવો વિભાગ નવા પાના પર લખવો.
6) પ્રશ્નોના જવાબ ક્રમમાં લખવા.
7) પ્રશ્ન-18 નકશાપૂર્તિનો છે. તેમાં ફક્ત અંધ વિદ્યાર્થીઓ માટે અલગ પ્રશ્નો છે.

## વિભાગ-A

■ **નીચે આપેલા પ્રશ્નક્રમાંક 1 થી 5 ના ગુણ સરખા છે. દરેકના 2 ગુણ છે. માગ્યા મુજબ જવાબ લખો.**

1) જાહેર મિલકત તેમજ પર્યાવરણને કોઈ નુકશાન પહોંચાડી રહ્યું છે. તો તમે શું કરશો ? [2]

2) કયું મંદિર કાળા પેગોડા તરીકે ઓળખાય છે ? શા માટે ? [2]

અથવા

સ્તુપ એટલે શું ? સમજાવો.

3) પ્રાચીન સાંસ્કૃતિક વારસાને સુરક્ષિત રાખવા માટેની સરકારી વ્યવસ્થા જણાવો. [2]

4) વન્યજીવોનાં વિનાશ માટેનાં કારણો આપો. [2]

5) ભારત દેશ ખેતી પ્રધાન દેશ હોવા છતાં શાથી ખેતીના પાકોનું હેક્ટર દીઠ ઉત્પાદન ઓછું થાય છે ? [2]

## વિભાગ-B

■ **નીચે આપેલા પ્રશ્નક્રમાંક 6 થી 10 ના ગુણ સરખા છે. દરેકના 2 ગુણ છે. માગ્યા મુજબ જવાબ લખો.**

6) બહુહેતુક યોજનાઓના હેતુઓ કયા કયા છે ? [2]

અથવા

જળ પ્લાવિત ક્ષેત્ર વિકાસ એટલે શું ?

7) ભારતમાં શણનું સૌથી વધુ ઉત્પાદન પશ્ચિમ બંગાળામાં શા માટે થાય છે ? કારણ સમજાવો. [2]

8) ભારતમાં સુતરાઉ કાપડ ઉદ્યોગની સામે કઈ કઈ સમસ્યા છે ? [2]

9) માનવ વિકાસ એ સાધ્ય છે. જ્યારે આર્થિક વિકાસ એ સાધન છે. ટૂંકમાં ખ્યાલ આપો. [2]

10) આતંકવાદની પ્રવૃત્તિના કારણે પડતી સમાજ પર અસરો જણાવો. [2]

## વિભાગ-C

■ **નીચે આપેલા પ્રશ્નક્રમાંક 11 થી 15 ના ગુણ સરખા છે. દરેકના 3 ગુણ છે. માગ્યા મુજબ જવાબ લખો.**

11) પ્રાચીન માટીકામ કલા વિશે જણાવો. [3]

12) મહાકાવ્યો તરીકે રામાયણ અને મહાભારતનો પરિચય આપો. [3]

અથવા

ભારતને પૃથ્વી પરનું સ્વર્ગ માનનાર અમીર ખુશરો વિશે સમજૂતી આપો.

13) ભારતમાં કૃષિક્ષેત્રે કરવામાં આવેલા સંસ્થાગત સુધારાઓ જણાવો. [3]

14) પર્યાવરણીય અવક્રમણને રોકવાના ઉપાયો જણાવો. [3]

15) ભાવવૃદ્ધિને અંકુશમાં લેવા માટે સરકારે ભરેલા મુખ્ય ચાર પગલાં જણાવો અને અન્ય ઉપાયો વિશે ચર્ચા કરો. [3]

## વિભાગ-D

■ **નીચે આપેલા પ્રશ્નક્રમાંક 16 થી 18 ના ગુણ સરખા છે. દરેકના 5 ગુણ છે. માગ્યા મુજબ જવાબ લખો.**

16) પ્રાચીન ભારતે વૈદક વિદ્યા અને શૈલ્ય ચિકિત્સા ક્ષેત્રે અભૂતપૂર્વ સિદ્ધિ હાંસલ કરી હતી તેવું શાથી કહી શકાય ? જણાવો. [5]

17) વિશ્વ શ્રમ બજાર વિશે વિસ્તૃત નોંધ લખો. [5]

અથવા

ગરીબી ઘટાડવા માટે સરકારે હાથ ધરેલ વિવિધ ઉપાયોનું વર્ણન કરો.

18) તમને આપેલા ભારતના નકશામાં નીચેની વિગતો યોગ્ય સંજ્ઞા વડે યોગ્ય સ્થાને દર્શાવો. [5]

(1) કાઝીરંગા રાષ્ટ્રીય ઉદ્યાન

(2) ભારતમાં શણ ઉત્પાદન કરતો પ્રદેશ

(3) નર્મદા બંધ યોજના

(4) લોખંડ-પોલાદ ઉદ્યોગનું એક કેન્દ્ર (નામ દર્શાવવું)

(5) મુંબઈથી દિલ્હી રેલમાર્ગ વચ્ચે આવતા બે અટક સ્થાનોના નામ લખો. (વાયા અમદાવાદ)

<u>ફક્ત અંધ વિદ્યાર્થીઓ માટે:</u>

નકશાપૂર્તિને બદલે નીચેના પ્રશ્નોના ઉત્તર આપો.

(1) કાઝીરંગા રાષ્ટ્રીય ઉદ્યાન કયા રાજ્યમાં આવેલું છે ?

(2) ભારતમાં શણ ઉત્પાદન કરતો એક પ્રદેશ જણાવો.

(3) નર્મદા બંધ યોજનાથી કયા રાજ્યોને સિંચાઈનો લાભ પ્રાપ્ત થયો છે ?

(4) લોખંડ-પોલાદ ઉદ્યોગનું એક કેન્દ્રનું નામ લખો.

(5) મુંબઈથી દિલ્હી રેલમાર્ગના બે અટક સ્થાનોના નામ લખો.(વાયા અમદાવાદ)